eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 155
August 08, 2008

## સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ની કામગીરી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ, ચોક બજાર ખાતે ૬૧ માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારત તેમજ દેશ વિદેશના કલાત્મક ૨૪૦ જેટલા વિવિધ દેશોના રાષ્ટ્રિય ધ્વજ, ભૌગોલિક સ્થાન દર્શાવતા નકશા, વિસ્તાર, વસ્તી, ચલણ, ભાષા, ધર્મ, વગેરે માહિતી તેમજ ધ્વજ અને નકશા અંકિત થયેલી ટપાલ ટિકીટોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) માં ટી.પી. સ્કીમ નં. ૩૨ (અડાજણ), ફા. પ્લોટ નં. ૫ માં આવેલ શિવશકિત રો હાઉસના યુનીટ નં. ૧૮ માં થયેલ રેસીડેન્સીયલ હેતુના બાંધકામમાં કોર્મશીયલ યુઝના પર્પઝથી એક દુકાનનું શટર મુકી બાંધકામ કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી

સાઉથ ઝોન(ઉધના)ના નવા સમાવિષ્ટ વડોદ વિસ્તારમાં ડે. મ્યુ. કમિશનર શ્રી (જન.) ની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ દબાણ હટાવવાની કામગીરી ઉધના ઝોનનાં સ્ટાફ તથા અઠવા ઝોનના સ્ટાફ ધ્વારા શરૂ કરવામાં આવેલ જેમાં પાંડેસરા જી.આઈ.ડી.સી. થી પ્રિયંકા જકાતનાકા પાસે વડોદમાં આવેલ આર્શીવાદનગરમાં ૨૦ જેટલી લારીઓ હટાવવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર વિકાસ ખાતાની કામગીરી

શહેર સુરતનાં ટી.પી. સ્કીમ નં. ૫ (અઠવા–ઉમરા) ફા. પ્લોટ નં. ૮૯,૯૦ તથા ૯૧ વાળી મિલ્કત ઈચ્છાનાથ રોડ પર, પાર્લે પોઈન્ટ પાસે આવેલ " ઘરમ પેલેસ વિભાગ–૨" તરીકે ઓળખાતી બિલ્ડીંગ માં ફલેટ નં. ૨૦૧, તથા ફલેટ નં. ૪૦૧ ની દક્ષિણ –પૂર્વે તથા ઉત્તર– પૂર્વે આર.સી.સી. બીમ કોલમ તથા સ્લેબ ભરવા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) માં, તા. ૦૨/૦૮/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત આ મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન ધ્વારા મચ્છરના ઉપદ્રવને અંકુશમાં રાખવા લીમડાના પાંદડાના ધુમાડાનો નવતર પ્રયોગ

સાઉથઝોનનાં વિવિધ વિસ્તારમાં મચ્છરના ઉપદ્રવને અંકુશમાં રાખવાનાં વિવિધ પ્રયત્નોમાં પ્રજાનો સહકાર ખૂબ જ અગત્યનું પરિબળ છે. જે માટે ઝોનનાં આરોગ્ય વિભાગ તરફથી લોકશિક્ષણ મારફતે લોકજાગૃતિના પ્રયાસો સતત અમલમાં મુકવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આરોગ્ય નિદાન કેમ્પ



ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ૠતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સરથાણા વિસ્તારમાં આવેલ સમ્રાટ સોસાયટીના સી.ઓ.પી.માં દૂર કરેલ ગેરકાયદેસર બાંધકામ

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક), ફા. પ્લોટ નં. ૨૫/એ, બ્લોક નં. ૧૬૨ પૈકીમાં આવેલ સમ્રાટ સોસાયટીના પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ. સદર સોસાયટીના ઓર્ગનાઈઝર ધ્વારા મંજુર પ્લાનમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન(ઉધના) માં ડે. કમિશનરશ્રી (જન.) સુચના મુજબ તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ કામગીરી

મોજે બમરોલીમાં બ્લોક નં. ૨૨૮ માં ૧૫૦ ફુટનાં રસ્તા પર આવેલ ઈશ્વરનગર સોસાયટીનાં પ્લોટનં.–૩૪૩,૩૪૪માં પરવાનગી વગર શરૂ કરવામાં આવેલ ભોય તળિયાની સ્લેબ લેવલ સુધીનું આશરુ ૬૦૦ ચો.ફુટનું બાંધકામ દુર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની કામગીરી

ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફાયનલ પ્લોટ નં.૨૫/બીમાં સબ પ્લોટ નં.૧ ગેરકાયદેસર બાંધકામ બાબત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ ની કામગીરી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ, ચોક બજાર ખાતે ૬૧ માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ભારત તેમજ દેશ વિદેશના કલાત્મક ૨૪૦ જેટલા વિવિધ દેશોના રાષ્ટ્રિય ધ્વજ, ભૌગોલિક સ્થાન દર્શાવતા નકશા, વિસ્તાર, વસ્તી, ચલણ, ભાષા, ધર્મ, વગેરે માહિતી તેમજ ધ્વજ અને નકશા અંકિત થયેલી ટપાલ ટિકીટોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. પ્રદર્શનમાં થયેલી ટપાલ ટિકીટોનું સૌજન્ય ફિલાટેલિસ્ટ શ્રી રાજેન્દ્રભાઈ મહેતા તરફથી પ્રાપ્ત થયું છે. આ પ્રદર્શન તા. ૦૫–૦૮–૦૮ થી તા. ૨૪–૦૮–૦૮ સુધી બુધવાર થી શનિવારે સવારે ૧૧.૧૫ થી ૧.૪૫ અને બપોરે ૨.૪૫ થી ૫.૪૫ સુધી, રવિવાર અને મંગળવારે બપોરે ૨.૪૫ થી ૫.૪૫ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રાખવામાં આવશે. સોમવાર અને જાહેર રજાને દિવસે મ્યુઝિયમ બંધ રહેશે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) માં ટી.પી. સ્કીમ નં. ૩૨ (અડાજણ), ફા. પ્લોટ નં. ૫ માં આવેલ શિવશકિત રો હાઉસના યુનીટ નં. ૧૮ માં થયેલ રેસીડેન્સીયલ હેતુના બાંધકામમાં કોર્મશીયલ યુઝના પર્પઝથી એક દુકાનનું શટર મુકી બાંધકામ કરવામાં આવેલ. જે તા.૦૧–૦૮–૦૮ ના રોજ અત્રેના ઝોન ધ્વારા દુર કરી આશરે ૧૦૦ ચો.ફુટ જેટલું ગેરકાયદેસર બાંધકામ દુર કરી સદર કોર્મશીયલ ઉપપોગ થતો અટકાવવામાં આવેલ છે. તથા મિલ્કતદાર શ્રી પાસેથી રૂા. ૨૦,૦૦૦/– ઈજનેરી વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

ઉકત ડીમોલીશનની કામગીરી માન. ઝોનલ ચીફશ્રી સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર) ના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)ની કામગીરી

સાઉથ ઝોન(ઉધના)ના નવા સમાવિષ્ટ વડોદ વિસ્તારમાં ડે. મ્યુ. કમિશનર શ્રી (જન.) ની સૂચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ દબાણ હટાવવાની કામગીરી ઉધના ઝોનનાં સ્ટાફ તથા અઠવા ઝોનના સ્ટાફ ધ્વારા શરૂ કરવામાં આવેલ જેમાં પાંડેસરા જી.આઈ.ડી.સી. થી પ્રિયંકા જકાતનાકા પાસે વડોદમાં આવેલ આર્શીવાદનગરમાં ૨૦ જેટલી લારીઓ હટાવવામાં આવી તથા વડોદ વિસ્તારમાં વડોદ વોર્ડ ઓફિસથી પાંડેસરા જી.આઈ.ડી.સી. તરફ જતાં પાંડેસરા જી. આઈ.ડી.સી.અને વડોદને જોડતા લીંક રસ્તા પરથી ૧૧ લારીઓ હટાવવામાં આવી તથા આજ રસ્તા પર કંતાન, પાટીયા, પતરા તથા તાડપત્રીથી બનાવેલ ૨૪ જેટલી દુકાનો પણ દૂર કરવામાં આવેલ. જેથી આ દબાણ દૂર થતા આશરે ૨૫૦૦ ચો. ફુટ જેટલો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. તથા પિયુષ કોમ્પલેક્ષ થી અલથાણ બ્રીજ વાળા ૧૫૦ ના રસ્તા પર તથા ૬૦ ના રસ્તા પરથી અન્ય ૨૨ લારીઓ મળી કુલ્લે ૫૩ લારીઓ દબાણ હેઠળ જપ્ત કરવામાં આવેલ છે.

ઉધના ઉધોગનગર સંઘમાં પ્લોટ નં. એ/૨૧/૧૪ એ વાળી હયાત ભોંયતળિયાની મિલ્કત ઉપર પરવાનગી વગર પહેલા માળનું બાંધકામ શરૂ કરવાનું ધ્યાને આવતા આશરે ૯૦૦ ચો.ફુટ સેન્ટીંગનું કામ દૂર કરી સેન્ટીંગનો સામાન જપ્ત કરવામાં આવેલ છે. તથા ટી.પી.સ્કીમ નં. ૨(ઉધના) ના ફા. પ્લોટ નં. ૧૦૧ વાળી ઈ.ડબલ્યુ એસ. ના રીઝર્વેશન હેઠળની જમીનમાં હરિધામ સોસાયટીના પ્લોટ નં. ૨૦૭ પર ૧૪' × ૪૫ ' (ફુટ) ના માપ વિસ્તારમાં પ્લીથ લેવલ સુધીનું શરૂ કરવામાં આવેલ બાંધકામ દૂર કરી આશરે ૬૩૦ ચો.ફુટની રીઝર્વેશનની જમીન ખુલ્લી કરવામાં આવેલ.

TOP

## શહેર વિકાસ ખાતાની કામગીરી

શહેર સુરતનાં ટી.પી. સ્કીમ નં. ૫ (અઠવા–ઉમરા) ફા. પ્લોટ નં. ૮૯,૯૦ તથા ૯૧ વાળી મિલ્કત ઈચ્છાનાથ રોડ પર, પાર્લે પોઈન્ટ પાસે આવેલ " ઘરમ પેલેસ વિભાગ–૨" તરીકે ઓળખાતી બિલ્ડીંગ માં ફલેટ નં. ૨૦૧, તથા ફલેટ નં. ૪૦૧ ની દક્ષિણ –પૂર્વે તથા ઉત્તર– પૂર્વે આર.સી.સી. બીમ કોલમ તથા સ્લેબ ભરવા સહીત મંજુર પ્લાન વિરૂધ્ધ આશરે ૬૦૦ ચો.ફુટ ભાગમાં રૂમ તથા બાલ્કની બનાવવા સહિતનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. જે ડાયરેકટર ઓફ પ્લાનિંગ શ્રી ની સુચનાથી શહેર વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) તથા સાઉથ –વેસ્ટ ઝોન(અઠવા) ના દબાણ સ્ટાફ મારફત દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી પેટે, મિલ્કતદારશ્રી જયભાઈ નારાયણભાઈ અગ્રવાલ પાસે ડીમોલીશન ખર્ચ પેટે રૂા. ૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન(કતારગામ)ની કામગીરી

૧) નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૨/૦૮/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારનાં ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી) માં " ગાર્ડન" ના હેતુ માટે રીઝર્વેશન પ્લોટ નં. ૪૮ માં, મિલ્કતદારશ્રી ઘનશ્યામભાઈ વલ્લભભાઈ કાકડીયા ધ્વારા ફુટીંગ ભરી, તેના પર ગ્રાઉન્ડ લેવલ સુધી કોલમ ભરવામાં આવેલા. જે આજે તા. ૦૨/૦૮/૨૦૦૮ના રોજ નોર્થઝોન મારફતે ૧૮ કોલમ દુર કરી, ૧૬૦૦ ચો.ફુટ જગ્યા પરનું ગેરકાયદેસર દબાણ દુર કરવામાં આવેલ છે. અને અંદાજીત રૂા. ૫૦,૦૦૦/– ની કિમંતનું સ્ટીલ જપ્ત કરવામાં આવેલ છે.

૨) નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૦૪/૦૮/૨૦૦૮ નાં રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારનાં ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ), ફા.પ્લોટ નં. ૨૨/એ માં આવેલ મગન નગર, સબ પ્લોટ નં. એ–૨ વાળી મિલ્કતના મિઈકતદારે ૬૦ ફુટની રસ્તારેખામાં બાંધકામ કરવાના ઈરાદાથી ભરેલા (પાંચ) કોલમ દુર કરી. દબાણ હેઠળની રસ્તા પૈકીની લગભગ ૪૫૦ ચો.ફુટ જેટલી જગ્યા ખુલ્લી કરાવેલ છે. તથા મિલ્કતદાર પાસે ડીમોલીશન ચાર્જ પેઠે રૂા. ૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન ધ્વારા મચ્છરના ઉપદ્રવને અંકુશમાં રાખવા લીમડાના પાંદડાના ધુમાડાનો નવતર પ્રયોગ

સાઉથઝોનનાં વિવિધ વિસ્તારમાં મચ્છરના ઉપદ્રવને અંકુશમાં રાખવાનાં વિવિધ પ્રયત્નોમાં પ્રજાનો સહકાર ખૂબ જ અગત્યનું પરિબળ છે. જે માટે ઝોનનાં આરોગ્ય વિભાગ તરફથી લોકશિક્ષણ મારફતે લોકજાગૃતિના પ્રયાસો સતત અમલમાં મુકવામાં આવે છે.

ચોમાસાની ઋતું દરમ્યાન વાતાવરણ ભેજયુકત બને છે તેમજ પાણીનાં ભરાવાના કારણે મચ્છરની ઉત્પતિનું પ્રમાણ વધે છે. લીમડાનાં પાંદડાનો ઘુમાડો કરી મચ્છર ના ઉપદ્રવ ને અંકુશમાં રાખવાની તેમજ અન્ય કીટકોનાં ઉપદ્રવ દૂર કરવાની પધ્ધતિ ગ્રામ્ય વિસ્તારમાં પ્રચલિત છે. લીમડાના પાંદડાનાં ઓષધીય ગુણોને કારણે વાતાવરણને શુધ્ધ કરવામાં લીમડાનાં પાંદડાનો ઘુમાડો મદદરૂપ થતો હોવાનો સામાન્ય અનુભવ છે. અત્રેના ઝોનનાં સ્થાનિક સદસ્યોશ્રી તેમજ નાગરિકોના સહકારથી લીમડાનાં પાંદડાનો ઘુમાડો કરી તેની અસરકારકતાનો પ્રચાર તેમજ જનજાગૃતિ માટે તા.૨/૮/૨૦૦૮ નાં રોજ કાશીનગર પાંડેસરા ખાતે ઝોનનાં અધિકારીશ્રીઓ તેમજ મ્યુ. સદસ્યોશ્રી કાંતિભાઈ જોષી, શ્રી રામ પ્યારે શર્મા, અને વી.બી.ડી.સી. વિભાગના સ્ટાફ તેમજ અન્યોની ઉપસ્તિીમાં લીમડાનાં પાંદડાનો ઘુમાડો કરી નાગરિકોને ઘુમાડાની પધ્ધતિનું નિદર્શન કરવામાં આવેલ. સદર નવતર પ્રયોગને જાહેર જનતાએ ઉમળકાભેર આવાકાર્યો હતો અને સ્વયંભુ લીમડાનાં પાંદડાનો ઘુમાડો પોતાના ઘરોમાં કરાવ્યો હતો.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા આરોગ્ય નિદાન કેમ્પ




ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ આજ તાઃ૦૨/૦૮/૨૦૦૮ ના રોજ ડીંડોલી શહેરી આરોગ્યકેન્દ્ર,ઈશ્વરપુરા,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાની બાજુમા,સુરત,ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળા,ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેશાઈ,સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ,હોસ્પીટલ સમિતિના અધ્યક્ષશ્રીપિયુષભાઈ શિવશકિતવાળા,વોર્ડ નં. ૩૦ ડીંડોલીના મ્યુ.સદસ્યશ્રી દયાશંકરસીંગ,શ્રીવિનોદભાઈ પાટીલ,મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા,ડે.કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પી.)ડો.આઈ.સી.પટેલ,આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ, લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી.ખાટીવાલા,મેડીકલ ઓફીસર,વર્ગ–૧(કુ.ક.)ડો.અરૂણાબેન પટેલ, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.કે.નિગમ,પીડીયાટ્રીક એસોસીએશન સભ્ય ડો.દિગંત શાસ્ત્રી,ડો.મનિષ જૈન, ડો.ચેતન શાહ,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાંસગિક પ્રવચનમાં આ વિસ્તારના રહીશોને વિના–મૂલ્યે નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગચાળો થવાના કારણો અને અટકાતના પગલા અંગે જાણકારી મેળવવા જણાવ્યુ હતુ.

મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે," ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા–જુદા ઝોનમાં તથા સ્લમ વિસ્તારમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિવિધ રોગોની જાણકારી તથા અટકાયત અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે જેનો નાગરિકો દ્વારા અમલ કરવામાં આવે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાય.સુરત મહાનગરપાલિકાએ અત્યાર સુધીમા ચાર કેમ્પો યોજેલ છે જેમાં ૧૯૯૦ લાભાર્થીઓએ લાભ મેળવેલ છે. " નિરોગી બાળ વર્ષ – ૨૦૦૮ " નિમિતે પાંચ વર્ષ સુધીના બાળકો તથા માતાઓને વર્ષ દરમ્યાન મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્રમાં વિના–મૂલ્યે સારવાર આપવામાં આવશે જેનો લાભ લેવા જણાવવામાં આવ્યુ હતુ.

મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં શહેરના ગરીબ નાગરિકોની તંદુરસ્તી જળવાય તે હેતુસર વિના–મૂલ્યે મેડીકલ કેમ્પોનું આયોજન કરવા બદલ મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી.સુરત મહાનગરપાલિકા મારફતે ગરીબ/સ્લમ વિસ્તારના નાગરીકોને આરોગ્ય સેવાનો લાભ મળી શકે તે માટે તેઓના ઘર આંગણે આવા કેમ્પો યોજવામાં આવે છે જેનો લાભ લેવા નાગરીકોને જણાવ્યું હતુ.નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો.ગુજરાત સરકાર દ્વારા માતૃ બાળ સંજીવની સુરક્ષા યોજના કાર્યક્રમ હાથ ધરવામા આવ્યો છે તે મુજબ દરેક શહેરી આરોગ્ય કેન્દ્ર મારફતે " મમતા દિવસ " ની ઉજવણી થાય છે .જેથી ખાસ કરીને સ્લમ વિસ્તાર તથા ગરીબ કામદાર બહેનોએ બહોળા પ્રમાણમાં લાભ લેવો જોઈએ. બહેનો સગર્ભાવસ્થા દરમ્યાન,પ્રસુતિ પછી તથા નવજાત બાળકની સંભાળ,સારવાર, સલાહ વિગેરે બાબતની જાણકારી મેળવે તો તેઓમાં જાગૃતિ આવશે જેથી બાળ મૃત્યુ દરનું પ્રમાણ ઘટાડી શકાય તેમ છે.આ સપ્તાહ ગુજરાત સરકાર દ્વારા ઓ.આર.એસ. સપ્તાહ તથા વિશ્વ સ્તનપાન સપ્તાહ તરીકે ઉજવવાનું નકકી કરવામા આવેલ છે.જેનો પણ લાભ લેવા જણાવ્યુ હતું.

મેડીકલ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર તથા આસપાસ વિસ્તારના ૫૯૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૯૦,ચામડીના નિષ્ણાત દ્વારા ૯૩,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૨, બાળરોગ નિષ્ણાત દ્વારા ૯૩,ફિઝીશ્યન દ્વારા ૧૬૪ અને સર્જન દ્વારા ૧૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા ૧૧ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૮૫ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૧૦ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ,નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ,ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી.૧૦૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૫૬, ઓરલ પીલ્સ ૨૭,પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૬૫૦,આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૫૧,બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા જુદા–જુદા સ્લમ વિસ્તારમાં (વેસુ હેગડેવાર,કામદાર આવાસ,કોસાડ,પુણા–સીમાડા ગામ,રાજીવનગર આંગણવાડી,મોરારજી વસાહત,ઉધના,વરીયાવ)કરવામાં આવેલ કેમ્પોમાં ૫૮૮,લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ** આગામી વિના મુલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ ૦૯/૦૮/૦૮ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે.જેનો સુરત શહેરના તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## સરથાણા વિસ્તારમાં આવેલ સમ્રાટ સોસાયટીના સી.ઓ.પી.માં દૂર કરેલ ગેરકાયદેસર બાંધકામ

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક), ફા. પ્લોટ નં. ૨૫/એ, બ્લોક નં. ૧૬૨ પૈકીમાં આવેલ સમ્રાટ સોસાયટીના પ્લાન સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ. સદર સોસાયટીના ઓર્ગનાઈઝર ધ્વારા મંજુર પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી. માં ૩(ત્રણ) પ્લોટનું આશરે ૬૦×૨૦ માપ વિસ્તારનું પ્લીન્થ લેવલ સુધીનું તેમજ સી.ઓ.પી.માં મુકવામાં આવેલ ફા. પ્લોટ નં. ૬૫ ઓપન સ્પેશના હેતુ માટેના રીઝર્વેશનમાં આશરે ૧૫ × ૧૫ ના માપ વિસ્તારની ચણતરની પતરાવાળી સોસાયટીની ઓફિસનું બાંધકામ તેમજ ૧૨ × ૧૫ માપ વિસ્તારમાં ઓટલાનું તથા ટોઈલેટનું ગેરકાયદેસર બાંધકામ સી.ઓ.પી. માં કરવામાં આવેલ હેતું તથા સોસાયટીને લાગુ ૩૦.૦ મીટર કેનાલ રસ્તા તરફે પ્લોટ હોલ્ડર ધ્વારા સોસાયટીના આતરીક રસ્તા પર આશરે ૧૨×૧૨ માપ વિસ્તારમાં પ્લીન્થ લેવલ સુધીનું પુરાણ કરી રસ્તો કવર્ડ કરેલો હતો. આ કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા પૂર્વ ઝોન તરફથી મનાઈ હુકમ તથા શોકોઝ નોટીશ પાઠવવામાં આવેલ તેમ છતાં ઉકત ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં નહી આવતા સદર કરવામાં આવેલ આશરે ૨૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. ઓર્ગેનાઈઝર પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે ૧૦,૦૦૦/– જમાં લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન(ઉધના) માં ડે. કમિશનરશ્રી (જન.) સુચના મુજબ તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ કામગીરી

(૧) મોજે બમરોલીમાં બ્લોક નં. ૨૨૮ માં ૧૫૦ ફુટનાં રસ્તા પર આવેલ ઈશ્વરનગર સોસાયટીનાં પ્લોટનં.–૩૪૩,૩૪૪માં પરવાનગી વગર શરૂ કરવામાં આવેલ ભોય તળિયાની સ્લેબ લેવલ સુધીનું આશરુ ૬૦૦ ચો.ફુટનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨) મોજે ઉનમાં સનામીલ બેકરીની બાજુ માંથી પસાર થતી કેનાલ પર સુચીત ૧૦૦ ફુટનાં ડી.પી. રસ્તા પર પતરાંની આડશ કરી રોકવામાં આવેલ જગ્યા પતરા દુર કરી આશરે ૧૦૦૦ ચો.ફુટ ખુલ્લી કરવામાં આવેલ છે.

(૩) મોજે ઉનનાં બલોક નં. ૨૩ માં આવેલ સોએબનગર સોસાયટી વિભાગ –એ નાં પ્લોટનં. ૧૪૮ નાં આગળ ના તથા પાછળના માર્જીનની જગ્યામાં કાઢવામાં આવેલ પ્રોજેકશનનું સેન્ટરીંગનું કામ દુર કરી માર્જીનની આશરે ૧૨૫ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

TOP

## વરાછા ઝોનની કામગીરી

(૧) **ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફાયનલ પ્લોટ નં.૨૫/બીમાં સબ પ્લોટ નં.૧ ગેરકાયદેસર બાંધકામ બાબત.**

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા)માં આવેલ આઈ. સી. ગાંધી મીલ સામે, ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા. પ્લોટ નં.૨૫/બીમાં આવેલ ગજેરા ઈન્ડસ્ટ્રીયલના સબ પ્લોટ નં.૧માં કોહીનુર હાઉસ તરીકે ઓળખાતી મિલ્કતમાં રોડ માર્જીનવાળા ભાગમાં ઈન્ડસ્ટ્રીઝના હેતુ માટે આશરે ૭૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં પહેલા તથા બીજા માળનું બાંધકામ કરવામાં આવેલ જે પૈકી બીજા માળનું આર.સી.સી. સ્લબેનું બાંધકામ અત્રેથી દુર કરવામાં આવેલ છે. મિલ્કતદારે બાકીનું ગેરકાયદેસર બાંધકામ જાતે દૂર કરવાની બાંહેધરી આપતા કામગીરી રોકવામાં આવેલ છે. તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) **પુણા સીમાડા વિસ્તારમાં આવેલ માનસરોવર, હંસ વિહાર તથા રામદેવ સોસાયટીના સી.ઓ.પી.માં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબત.**

પૂર્વ ઝોન (વરાછા વિસ્તારમાં આવેલ પુણા સિમાડા વિસ્તારમાં ૧૮.૦ મી. ના ટી. પી. રસ્તા ઉપર બ્લોક નં.૨૪૧ ત્ર ૨૪૨ ત્ર ૨૪૫માં સુડા ધ્વારા તા.૨૦–૦૨–૨૦૦૪થી મંજુર કરવામાં આવેલ માનસરોવર, હંસ વિહાર સોસાયટીના પ્લાનમાં દર્શાવેલ સી.ઓ.પી.નં.૩માં આવેલ ૨૦.૮ મી. × ૮.૦ મી. એટલે કે ૧૬૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર ત્ર પ્રથમ માળનું કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, કોલમ, બીમ, ચણતર તથા પ્લીન્થ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તથા મંજુર પ્લાનમાં દર્શાવેલ આંતરિક રસ્તામાં ફેરફાર કરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ છે. જે દુર કરવાની કાર્યવાહી જે આજ રોજ તા.૦૪–૦૮–૨૦૦૮ દબાણ વિભાગ તથા શહેર વિકાસ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP